# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/260 Dt. 22/12/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ટ્રાવેલ એજન્ટ્સ માટે 'ફેર, ફેક્ટ એન્ડ એથિકલ પ્રેક્ટિસ ફોર ટ્રાવેલ એજન્ટ' વિષય પર સેમિનાર યોજાયો

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત 'ફેર, ફેક્ટ એન્ડ એથિકલ પ્રેક્ટિસ ફોર ટ્રાવેલ એજન્ટ' વિષય પર સેમિનાર યોજાયો હતો, જેમાં મુખ્ય વક્તા તરીકે કુરુક્ષેત્ર, હરિયાણાની ટ્રેવનિઓ હોલિડેઝ પ્રા.લિ.ના ફાઉન્ડર અને ચંડીગઢ યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર તથા ગોલ્ડ મેડલિસ્ટ ડો. સંદીપ તૂરે ટ્રાવેલ અને ટુરીઝમ ક્ષેત્રે કાર્યરત વ્યાવસાયિકોને માર્ગદર્શન આપ્યું હતું.

ડો. સંદીપ તૂરે જણાવ્યું હતું કે, વ્યવસાયમાં નૈતિક મૂલ્યો અપનાવવાથી લાંબા ગાળે વિશ્વસનીયતા, સ્થિરતા અને સફળતા પ્રાપ્ત થાય છે. આજના કઠિન સ્પર્ધાત્મક યુગમાં કેવી રીતે એવું વ્યવસાય મોડલ વિકસાવી શકાય કે જેમાં સ્પર્ધા સ્વયં નિર્બળ બની જાય, તે બાબત તેમણે ઉદાહરણો સાથે ઊંડાણપૂર્વક સમજાવી હતી. તેમણે સસ્ટેનેબલ ટુરિઝમના મહત્વ પર પણ વિશેષ પ્રકાશ પાડ્યો હતો. ટેકનોલોજીના ઉપયોગ દ્વારા પોતાને અન્યથી અલગ કેવી રીતે ઓળખાવવી, ગ્રાહકો સાથે વિશ્વાસપૂર્ણ સંબંધો કેવી રીતે સ્થાપિત કરવા અને લાંબા સમય સુધી તે સંબંધો જાળવી રાખવાના વ્યવહારુ વિચારો રજૂ કર્યા હતા.

ચેમ્બરની હોસ્પિટાલિટી, ટુર્સ એન્ડ ટ્રાવેલ કમિટીના ચેરમેન શ્રી વિનેશ શાહે સેમિનારની જરૂરિયાત, ઉદ્દેશ્ય અને તેના મહત્વ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. કમિટીના કો–ચેરમેન સુશ્રી દુરીયા તપિયાએ મુખ્ય વકતાનો પરિચય આપ્યો હતો. જ્યારે કમિટીના સભ્ય સુશ્રી અશિતા જરીવાલાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અંતમાં કમિટીના કો–ચેરમેન શ્રી આશિષ શાહે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

આ સેમિનાર ટ્રાવેલ અને ટુરિઝમ ક્ષેત્રે કાર્યરત વ્યવસાયિકો માટે માર્ગદર્શક, વિચારપ્રેરક અને વ્યવહારુ જ્ઞાન આપતો એક મહત્વપૂર્ણ પ્રયાસ સાબિત થયો હતો.